# પશુપોસ્ટમોર્ટમ: મૃત્યુ પછી પણ જીવ બચાવતું વિજ્ઞાન

**Shivanikumari Ashokbhai Chaudhari**
M.V.Sc. Scholar , Department of Pathology
College of Veterinary Science and A.H.
Kamdhenu University, Navsari
doi.org/10.5281/VeterinaryToday.21537376

VETERINARY TODAY INTERNATIONAL
ISSN 2583-8288

પશુપાલન એ ગ્રામ્ય ભારતની આર્થિક રગ છે. ગાય, ભેંસ, બકરાં, કૂકડીઓ વગેરે પશુઓ ખેડૂત માટે આવકનું મુખ્ય સ્રોત છે. પરંતુ ક્યારેક પશુઓમાં અચાનક મૃત્યુ થવાથી પશુપાલકને મોટું આર્થિક નુકસાન ભોગવવું પડે છે. જ્યારે કોઈ પ્રાણી અચાનક મરી જાય છે, ત્યારે તેના માલિકને સૌથી પહેલા એક જ પ્રશ્ન થાય છે – "મારું પ્રાણી કેમ મર્યું?" આ સવાલનો સાચો જવાબ માત્ર **પોસ્ટ-મોર્ટમ પરીક્ષણ (મરણોત્તર તપાસ)** દ્વારા મળી શકે છે. માણસોમાં જેમ મરણ પછી કારણ શોધવા માટે ઓટોપ્સી થાય છે, તેમ જ પ્રાણીઓમાં તેને પોસ્ટ-મોર્ટમ કહેવામાં આવે છે.

## પોસ્ટમોર્ટમ એટલે શું?

પશુના મૃત્યુ પછી, તેની બહાર અને અંદરની અંગપ્રણાલીનું વિજ્ઞાન આધારિત નિરીક્ષણ કરીને મૃત્યુનું સાચું કારણ શોધવાની પ્રક્રિયાને પોસ્ટમોર્ટમ કહેવામાં આવે છે. વેટરિનરી ડૉક્ટર દ્વારા ફેફસાં, હૃદય, યકૃત (લિવર), કિડની, આંતરડાં, મગજ વગેરે અંગોનું નિરીક્ષણ કરવામાં આવે છે.

ઘણી વખત પેથોલોજી લેબોરેટરીમાં નમૂના મોકલીને માઇક્રોસ્કોપિક તપાસ પણ કરવામાં આવે છે. આ તપાસ પશુચિકિત્સક દ્વારા કરવામાં આવે છે. ચાલો, હવે જોઈએ કે પોસ્ટ-મોર્ટમ પ્રાણીઓ માટે કેમ એટલું જરૂરી છે.

## ૧. રોગનું નિદાન અને નિયંત્રણ

ઘણા રોગો એવા હોય છે જે જીવતા પ્રાણીમાં બહારથી દેખાતા નથી. ઉદાહરણ તરીકે, ફેફસાંમાં ચેપ, ઝેરની અસર, અથવા આંતરિક અંગોમાં કોઈ ગંભીર બિમારી. જો એક ગાય અચાનક મરી જાય અને પોસ્ટ-મોર્ટમ ન થાય તો માલિકને ખ્યાલ પણ નહીં આવે કે કદાચ એ રોગ ચેપજન્ય છે અને ઝૂંડના બાકીના પ્રાણીઓમાં પણ ફેલાઈ શકે છે. ક્યારેક એક જ ફાર્મ અથવા ગામમાં અનેક પશુઓ અચાનક મરી જાય છે. આવા સમયે પોસ્ટમોર્ટમથી ખબર પડે છે કે ચેપી રોગ [જેમ કે ખરવા મોવાસા, બર્ડ ફ્લૂ, કાળો પગનો રોગ (બ્લેક ક્વાર્ટર] ફેલાઈ રહ્યો છે કે નહીં.

પોસ્ટ-મોર્ટમથી સાચું કારણ મળતાં જ બાકીના પશુઓને બચાવવા માટે દવા, રસીકરણ કે જરૂરી વ્યવસ્થા તરત કરી શકાય છે. એટલે કે એક પ્રાણીના મોત દ્વારા પૂરા ઝૂંડને બચાવી શકાય છે.

### ૨. ઝૂનોટિક રોગોની ઓળખ

કેટલાક રોગો એવા છે જે પશુથી માણસમાં ફેલાઈ શકે છે જેમ કે હડકવો (રેબીસ), સાંધાનો તાવ (બ્રુસેલ્લોસિસ), એન્થ્રેક્સ, પીળિયા તાવ (લેપ્ટોસ્પાયરોસિસ). પોસ્ટમોર્ટમથી આવા રોગો ઝડપથી ઓળખી શકાય છે જેથી પશુપાલક, ડૉક્ટર અને ગામના લોકો સમયસર સાવચેતી લઈ શકે.

### 3. ખાદ્ય સુરક્ષા અને માનવ આરોગ્ય

અમે જે માંસ ખાઈએ છીએ તે સુરક્ષિત છે કે નહીં તેની ખાતરી કરવાનું કામ પણ પોસ્ટ-મોર્ટમ કરે છે. કસાઈખાનામાં દરેક પ્રાણીનું પોસ્ટ-મોર્ટમ નિરીક્ષણ થાય છે. જો કોઈ અંગમાં રોગ, પરોપજીવી કે ઝેરની અસર હોય તો તે માંસ માનવ ઉપભોગ માટે અનફિટ ગણાય છે.

આ પ્રક્રિયા માનવ આરોગ્ય માટે અત્યંત જરૂરી છે, કેમ કે જો બીમાર પ્રાણીનું માંસ સીધું બજારમાં આવી જાય તો ખોરાકજન્ય રોગો ફેલાઈ શકે છે.

### ૪. વીમા અને આર્થિક સુરક્ષા

આજકાલ ઘણા પશુપાલકો તેમના દૂધાળાં પશુઓનું વીમા કરાવે છે. જો એ પ્રાણી મરી જાય તો વીમા કંપની દાવો ચૂકવવા માટે **પોસ્ટ-મોર્ટમ રિપોર્ટ** ફરજિયાત માગે છે.

જો પોસ્ટ-મોર્ટમ ન થાય તો વીમાનો દાવો નકારી શકાય છે. એટલે કે એક પોસ્ટ-મોર્ટમથી માલિકને આર્થિક નુકસાનમાંથી બચાવી શકાય છે.

### ૫. કાયદેસર પુરાવા (Vetero-legal cases)

ક્યારેક પ્રાણીનું મૃત્યુ અકસ્માત, ઝેર આપવું કે ઝગડામાં ઈજા થવાથી થાય છે. આવા કેસોમાં માલિક કે પોલીસ તપાસ માટે સાચો પુરાવો મેળવવા પોસ્ટ-મોર્ટમ અનિવાર્ય બને છે.

ઉદાહરણ તરીકે, જો કોઈએ પ્રાણીને ઝેર આપ્યું હોય તો એ સાબિત કરવા માટે પોસ્ટ-મોર્ટમ જ એકમાત્ર રસ્તો છે.

### ૬. સંશોધન અને વૈજ્ઞાનિક જાણકારી

દરેક પોસ્ટ-મોર્ટમ વૈજ્ઞાનિકો માટે જાણકારીનો ખજાનો છે. નવા રોગો શોધવા, જૂના રોગોના અસરો સમજવા અને નવી સારવાર વિકસાવવા પોસ્ટ-મોર્ટમ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. એટલે પશુવિદ્યાલયોમાં પોસ્ટ-મોર્ટમ કેઝ રેકોર્ડ કરી ભવિષ્યના અભ્યાસ માટે સાચવવામાં આવે છે.

### ૭. ઝૂ અને કેદ પ્રાણીઓ માટે ખાસ મહત્વ

ઝૂ કે જંગલ સફારીમાં રહેલા પ્રાણીઓ ક્યારેક અચાનક મરી જાય છે. આવા સમયે પોસ્ટ-મોર્ટમથી એ સમજાય છે કે મૃત્યુનું કારણ પર્યાવરણની ખામી, ખોટું ખોરાક કે કોઈ વર્તણૂકીય સમસ્યા તો નથી ને?

ઉદાહરણ તરીકે, જો કોઈ સિંહ તંગ પાંજરામાં રહેવાના કારણે ઈજાથી મરી જાય તો પછીથી એ પાંજરાનું ડિઝાઇન સુધારી શકાય.

### 8. સારું વ્યવસ્થાપન અને ભવિષ્ય માટે શીખ

પોસ્ટ-મોર્ટમ દ્વારા મળેલી જાણકારીના આધારે પશુપાલકો તેમના પશુઓની સંભાળ,

ખોરાક, રહેઠાણ અને વ્યવસ્થાપનમાં સુધારા કરી શકે છે.

એટલે દરેક મૃત્યુ કોઈ દુઃખદ ઘટના હોવા છતાં ભવિષ્ય માટે શીખ આપી જાય છે.

### 9. આર્થિક નુકસાન ઘટાડવા

એક ગાય કે ભેંસનું મોત એટલે સીધું નુકસાન. પરંતુ જો સમયસર પોસ્ટમોર્ટમ કરીને સાચું કારણ ખબર પડે, તો બીજા પશુઓ બચાવી શકાય છે. આથી મોટા આર્થિક નુકસાનને અટકાવી શકાય છે.

### ૧૦. ઝેર અને દવાના પ્રભાવની તપાસ

ઘણા વખત પશુપાલકોને શંકા રહે છે કે પશુ ઝેરી ચારો ખાઈ ગયું કે દવા/ઇન્જેક્શનથી મોત થયું. પોસ્ટમોર્ટમમાં અંદરના અંગોની તપાસ કરીને સાચું કારણ બહાર આવે છે. નમૂના લેબમાં મોકલીને ઝેરી પદાર્થની ખાતરી પણ કરી શકાય છે.

### નિષ્કર્ષ

પશુ પોસ્ટમોર્ટમ માત્ર મૃત્યુનું કારણ શોધવા પૂરતું નથી, પરંતુ તે બીજા પશુઓના જીવન બચાવવા, ખેડૂતના આર્થિક નુકસાન ઘટાડવા, પ્રાણી આરોગ્ય, માનવ આરોગ્ય, કાયદેસર ન્યાય, વૈજ્ઞાનિક સંશોધન અને આર્થિક સુરક્ષા અને માનવ આરોગ્ય સુરક્ષિત રાખવા માટે અત્યંત જરૂરી છે. તેથી, જ્યારે પણ કોઈ પશુનું મૃત્યુ થાય ત્યારે તરત જ નજીકના પ્રમાણિત વેટરિનરી ડૉક્ટરનો સંપર્ક કરીને પોસ્ટમોર્ટમ કરાવવો જોઈએ. આ એક પગલું તમારા ફાર્મ અને પરિવારના આરોગ્ય માટે રક્ષણરૂપ છે. એક વાક્યમાં કહીએ તો "એક પ્રાણીનું પોસ્ટ-મોર્ટમ, સોથી વધુ પ્રાણીઓના જીવન બચાવી શકે છે.